# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૦૦ તા.૯-૧૧-૧૭**

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ગુજરાત રાજ્ય વિધાનસભા સામાન્ય ચૂંટણી -૨૦૧૭ આદર્શ આચાર સંહિતાના અમલ બાબત.
અમદાવાદ જિલ્લામાં રાજકીય પક્ષો દ્વારા શાળાઓમાં ચૂંટણી પ્રચાર કરવાની કાર્યવાહી બાબત.

સંદર્ભ : ઈએલસી/વી.સા.ચૂં./આચારસંહિતા/અમલીકરણ/ફરિયાદ/રજી.નં.૬/૨૦૧૭ કલેકટર અને જિલ્લા ચુંટણી અધિકારીની કચેરી,સુભાષબ્રીજ સર્કલ પાસે,અમદાવાદ તા.૮-૧૧-૧૭નો પત્ર.

આથી મ્યુનિ. શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, અગાઉ વિધાનસભા ચૂંટણી-૨૦૧૭ જાહેર થયા પછી ચૂંટણી આચારસંહિતા અમલમાં છે તે અંગે પરિપત્ર પણ કરવામાં આવેલ છે. તે ઉપરાંત આ સાથે કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીનો સંદર્ભમાં જણાવેલ તા.૮-૧૧-૧૭ના આદેશ પ્રમાણે આદર્શ ચૂંટણી આચાર સંહિતા બાબતે શાળાઓમાં વિદ્યાર્થીઓ, શાળા સંકુલ વગેરેમાં રાજકીય ઉપયોગ થઈ રહ્યો છે તે અંગે ફરિયાદ થયેલ હોઈ ઉક્ત બાબતે યોગ્ય તપાસ કરાવી કોઈ તથ્ય જણાય તો ચૂંટણી અંગે આદર્શ આચારસંહિતનો ભંગ થતો જણાય તો તે અંગેનો હકીકતલક્ષી અહેવાલ મોકલી આપવા જણાવેલ છે. આ બાબતે દિન-૧માં ગુજરાત રાજયના ઉપસચિવશ્રી, મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરને હકીકત અંગેઓ અહેવાલ મોકલવા વિનંતી કરવામાં આવે છે. તેનો શબ્દસહ અમલ કરવા પત્ર આ સાથે સામેલ છે. તે વાંચી / વંચાવી અમલ કરશો અને કરાવશો.

તા.૯-૧૧-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

**ચુંટણી/તાત્કાલિક/સમય–મર્યાદા**

નં.ઈએલસી/વિ.સા.ચું/આચારસંહિતા/અમલીકરણ/ફરીયાદ/રજી. નં.૬/૨૦૧૭

કલેકટર અને જિલ્લા ચુંટણી અધિકારીની કચેરી,
સુભાષબ્રીજ સર્કલ પાસે,
અમદાવાદ
તા. ૦૮/૧૧/૨૦૧૭

પ્રતિ,

(૧) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી
બહુમાળી મકાન,
વસ્ત્રાપુર સરકારી વસાહત,
ડ્રાઈવઈન રોડ, અમદાવાદ

(૨) જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
૩ જો માળ, જીલ્લા પંચાયત કચેરી,
ભદ્ર, અમદાવાદ

(૩) શાષનાધિકારીશ્રી,
સ્કાઉટ ભવન,
પાલડી, અમદાવાદ

**વિષયઃ–** **વિધાનસભા સામાન્ય ચુંટણી–૨૦૧૭–આદર્શ ચુંટણી આચાર સંહિતાના અમલ બાબત.**
અમદાવાદ જિલ્લામાં રાજકીય પક્ષો દ્વારા શાળાઓમાં ચુંટણી પ્રચાર કરવાની કાર્યવાહી બાબત.

ઉપરોકત વિષય પરત્વે ઉપસચિવશ્રી, મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજયના તા.૦૮/૧૧/૨૦૧૭ ના પત્રની નકલ આ સાથે સામેલ રાખતા જણાવવાનું કે,

અત્રેના જિલ્લામાં અમુક શાળાઓમાં કોઈ એક પક્ષના કાર્યકરો દ્વારા શાળાઓમાં જઈ શિક્ષકો અને વિદ્યાર્થીઓનો સંપર્ક કરી ચુંટણી અંગેની પ્રચાર પ્રસારની પ્રવૃતિ કરવામાં આવી રહેલ છે. શાળાઓના વિદ્યાર્થીઓ, શાળા સંકુલ વગેરેનો રાજકીય ઉપયોગ થઈ રહયો છે.

ઉકત બાબતે યોગ્ય તપાસ કરાવી જો આ બાબતમાં તથ્ય જણાંય અને ચુંટણી અંગેની આદર્શ આચારસંહિતાનો ભંગ થતો જણાય તો તે અંગેનો હકીકતલક્ષી અહેવાલ મોકલી આપવા જણાવેલ છે. જેથી ઉપસચિવશ્રી, મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજયના સદર પત્રની વિગતે આપનો હકીકતલક્ષી અહેવાલ દિન–૧ માં અત્રે મોકલી આપવા વિનંતી છે.

**જિલ્લા ચુંટણી અધિકારી અને**
**જિલ્લા કલેકટર અમદાવાદ વતી**

**બિડાણ :– ઉપર મુજબ**

**નકલ સવિનય રવાના :–** મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજય, સરદાર ભવન, બ્લોક નં.૭, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂં.

ELECTION
IMMEDIATE

Phone : 079-23256731
079-23250456
Fax No.. : 079-23250324
079-23250319

# OFFICE OF THE
# CHIEF ELECTORAL OFFICER

GUJARAT STATE
General Administration Department (Election Division)
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

ક્રમાંક-ઇએલસી/૪૫૧૭/MCC ૧૬-છ(સેલ) તા.૮-૧૧-૨૦૧૭

પ્રતિ,
કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી,
જિલ્લો –અમદાવાદ

વિષય :- અમદાવાદ જીલ્લામાં રાજકીય પક્ષો દ્વારા શાળાઓમાં ચૂંટણી પ્રચાર કરવાની કાર્યવાહી બાબત.
આદર્શ આચાર સંહિતાની અમલવારી

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વે જણાવાનું કે, અત્રે મળેલી માહિતી અનુસાર અમદાવાદ જીલ્લામાં અમૂક શાળાઓમાં કોઇ એક પક્ષના કાર્યકરો દ્વારા શાળાઓમાં જઇ શિક્ષકો અને વિદ્યાર્થીઓનો સંપર્ક કરી ચૂંટણી અંગેની પ્રચાર પ્રસારની પ્રવૃત્તિ કરવામાં આવી રહેલ છે. શાળાના વિદ્યાર્થીઓ, શાળા સંકુલ વગેરેનો રાજકીય ઉપયોગ થઇ રહ્યો છે.

ઉપરોકત બાબત અંગે યોગ્ય તપાસ કરાવી જો આ બાબતમાં તથ્ય જણાય અને ચૂંટણી અંગેની આદર્શ આચાર સંહિતાનો ભંગ થતો જણાય તો તે અંગેનો હકીકતલક્ષી અહેવાલ આપના સ્વયંસ્પષ્ટ અભિપ્રાય સાથે અત્રે દિન-૨ માં અચૂક મોકલી આપવા આજ્ઞાનુસાર વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

( નિતીન વાઘેલા )
ઉપસચિવ,
મુખ્ય નિર્વાચન અધીકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજય

D:\kirit soni\16.docx